ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

DST Department of Science & Technology Government of Gujarat

Phone : 0278-2570111 WhatsApp : 8866570111 Email : krcscbvn@gmail.com Website : www.krcscbhavnagar.org

**અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં પ્રકાશિત કરવા વિનંતી.**

Date : 16th September, 2019

પ્રતિ,

તંત્રી શ્રી,

..............................................................................., ભાવનગર.

**વિશ્વ ઓઝોન દિવસ ઉજવણી અંતર્ગત** કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા
**સ્વામી વિવેકાનંદ હોમિયોપેથીક કોલેજ ખાતે ડૉ. ભારતસિંહ ગોહિલ દ્વારા**
**'32 Years and Healing' વિષય** પર વ્યાખ્યાન

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર(GUJCOST) દ્વારા લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોકભોગ્ય બનાવવા હેતું કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત અને ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

૧૬ સપ્ટેમ્બરને વિશ્વ ભરમાં ઓઝોન સંરક્ષણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.ઓઝોન વાયુ એટલે કે પૃથ્વીની સપાટીથી આશરે ૧૫ થી ૩૫ કિલોમીટર જેટલી ઉચાઈએ વાતાવરણમાં આવેલા આ વાયુના સ્તરની જડાઈ લગભગ ૨૦ કી.મી.ની છે. જે સમગ્ર જીવ સૃષ્ટિનું સુર્યમાંથી આવતા પારજાંબલી વિકિરણો સામે ઢાલ બની રક્ષણ પૂરું પાડે છે. પરંતુ યંત્ર યુગના ઝડપી સમયમાં છેલ્લી એક સદીથી પ્રદુષણની માત્ર હદ વટાવતા આ સ્તરમાં ગાબડા પડ્યા છે. જે સૌ માટે ચિંતા જનક છે. આ ઓઝોન સ્તરમાં જો 5% નો વધારો થાય તો ચામડીના કેન્સરના કિસ્સામાં 5 લાખ દર્દીઓનો વધારો થઈ જાય!!!!

આ સ્તરનો નાશ કરનાર એના દુશ્મન C.F.C. , રસાયણો અને હેલોન છે, જે એ.સી.,ફ્રીજ તેમજ ઠંડક ઉત્પન્ન કરતા સાધનોમાં ઉપરાંત ગ્લાસ પેકિંગ સામગ્રી,કોલ્ડ સ્ટોરેજ , ઈલે. ઉપકરણો છાન્ટકાવના સાધનોમાં આ વાયુનો ઉપયોગ થાય છે. C.F.C. અને હેલોનમાંથી ક્લોરીન મુક્ત થાય છે. જે ૧૦૦ વર્ષ સુધી બીજા અણુનો નાશ કરવાની પ્રક્રિયા શરુ રાખે છે. આમ આ વૈશ્વિક સમસ્યાઓ ઉત્પન્ન કરતી પડકારજનક પરિસ્થિતિને આગળ વધતી અટકાવવા કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તા. ૧૬ સપ્ટેમ્બર,૨૦૧૯ને સોમવારના રોજ સ્વામી વિવેકાનંદ હોમિયોપેથીક કોલેજ, ખાતે વિદ્યાર્થીઓ માટે ૧૨ થી ૧:૩૦ વાગ્યા સુધી એમ. કે. ભાવનગર યુનિવર્સીટીના ડીપાર્ટમેન્ટ ઓફ લાઈફ સાયન્સીસના એચ.ઓ.ડી. ડૉ. ભારતસિંહ ગોહિલના વ્યાખ્યાનનું આયોજન થયેલ.

જે અંતર્ગત <u>આ વર્ષની થીમ '32 Years and Healing' વિષયને કેન્દ્ર સ્થાને રાખીને ડૉ. ભારતસિંહ ગોહિલે ઓઝોન વાયુના ફાયદાઓ,તેને પહોચતા નુકસાન માટે જવાબદાર કારણો તથા તેને કઈ રીતે બચાવી શકાય તે માટેની માહિતી પંક્તિઓ સાથે વણી લઈને</u> પોતાની આગવી વિશિષ્ટ શૈલીમાં સરળ ભાષામાં અત્યંત મહત્વનું જ્ઞાન પીરસ્યું હતું.

આ કાર્યક્રમમાં શ્રી ગીરીશભાઈ વાઘાણી (ભૂતપૂર્વ કુલપતિ શ્રી, એમ. કે. ભાવ. યુનિ.) તથા ડૉ. પ્રણવ શાહ (પ્રાધ્યાપક, સ્વામી વિવેકાનંદ હોમિયોપેથીક કોલેજ) હાજર રહ્યા હતા, તથા સ્વામી વિવેકાનંદ હોમિયોપેથીક કોલેજના કુલ ૭૫ વિદ્યાર્થીઓએ ખુબ જ રસપૂર્વક ઉત્સાહભેર આ વ્યાખ્યાનનો લાભ લીધો હતો.

(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.

D:/2019-20//All Letter and Press Note 2019-20 /Press of KRCSC FL 2019-20